# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM DHORDO VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ  ઉપલેટાના ગધેથડ ગામ ખાતે ગાયત્રી આશ્રમમાં આયોજિત ગુરુપુજન મહોત્સવમાં હાજરી આપશે. મહોત્સવમાં ઉપલેટા શહેર અને તાલુકાના 52 ગામો અને બાજુનાં 63 ગામો મળીને 115 ગામો માટે જમણવારનું આયોજન કરવામાં આવ્યું છે.

ગધેથડ જવા રવાના થતા પહેલા જામનગર એરપોર્ટ પર મુખ્યમંત્રી ટૂંક સમય માટે રોકાયા હતા. જ્યાં તેમનું સ્વાગત ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મેઘજી ચાવડા, મેયર વિનોદ ખીમસુરીયાએ કર્યું હતું.

શ્રી પટેલ બપોર પછી કચ્છના ધોરડો સફેદ રણની મુલાકાતે જશે. દરમિયાન તેઓ કળા બજાર, ખાદ્ય બજારની મુલાકાત લઈ સાંજે સફેદ રણને નિહાળશે અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી થશે. પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ભારતીય ટપાલ વિભાગના “રણોત્સવ 2024-25” વિષયવસ્તુ પર આધારિત વિશેષ ટપાલ કવરનું વિમોચન કરાશે. આ મુલાકાત દરમિયાન પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા તેમની સાથે ઉપસ્થિત રહેશે.

----------------------------------

## KUTCH - SMRUTI VAN

સ્મૃતિવન ઓથોરિટી દ્વારા એક યાદીમાં જણાવાયું છે કે કચ્છના પ્રવાસે આવી રહેલા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્મૃતિવન

ભૂકંપ સંગ્રહાલય અને સ્મારક આવતીકાલે ખુલ્લું રહેશે અને 18 ડિસેમ્બર બુધવારે બંધ રહેશે.

--------------

## Surat - Sunvali Beach Festival

સુરતના સુંવાલી ખાતે 20થી 22મી ડિસેમ્બરનાં રોજ બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે રાજ્ય સરકારે 48 કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવ્યું છે. ગયા વર્ષે બે દિવસ માટે બીચ ફેસ્ટિવલ આયોજન કરવામાં આવ્યું હતું, પણ આ વર્ષે ત્રણ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે.

વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, આ બીચ ફેસ્ટિવલથી સ્થાનિક લોકોને મોટા પાયા રોજગારી મળશે. ગત વર્ષે ત્યાં 40 જેટલાં સ્ટોલ રાખવામાં આવ્યા હતા, જે આ વર્ષે વધારીને 100 કરવામાં આવ્યા છે. સુરત પાસેનાં ડુમસ બીચને પણ સુરત મહાનગરપાલિકા દ્વારા વિકસાવવામાં આવી રહ્યો છે.

આ અંગે શ્રી પટેલે વધુ વિગતો આપી હતી.

## (બાઇટ- મુકેશ પટેલ, વન અને પર્યાવરણમંત્રી)

-----------------------------------

## CROP SURVEY

રાજ્યમાં રવી સીઝન શરૂ થતા રાજ્યના ૩૩ જિલ્લાના તમામ ખેતર માટે રવી ૨૦૨૪-૨૫ ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.

આજથી રાજ્યભરમાં ૪૫ દિવસ સુધી  જે-તે ગ્રામ્ય સ્તરે પસંદ કરેલા સર્વેયર દ્વારા ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાના ૧૮ હજાર ૪૬૪ ગામોમાં તમામ ખેતીલાયક વિસ્તારના આશરે એક કરોડથી વધારે સર્વે પ્લોટને આવરી લેવાશે.

અગાઉ મહેસૂલ વિભાગ દ્વારા પાણી પત્રક નમૂના નં. ૧૨ ની નોંધણી કરવામાં આવતી હતી, જે પૂરે પૂરી થતી નહોતી, જે  ડિજિટલ ક્રોપ સર્વે થકી જે-તે સર્વે નંબર ડિજિટલાઈઝ ક્રોપ સર્વે થતાં ૧૦૦  ટકા પાણીપત્રક નમૂના નં. ૧૨ માં નોંધણી થશે. જેથી નમૂના નં. ૧૨ માં પાકની નોંધણી બાબતે ખેડૂતોને વધુ સુગમતા રહેશે.

--------------

## Ahwa General Hospital Collector Visit

ડાંગ જિલ્લા કલેક્ટર મહેશ પટેલે મુખ્ય મથક આહવાની જનરલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લીધી હતી. કલેકટરે અહીંના 'બાળ

સંજીવની કેન્દ્ર'માં ઉપલબ્ધ વ્યવસ્થાઓ જાણીને બાળક અને માતાઓના પોષણ અંગેની માહિતી મેળવી હતી.

શ્રી પટેલે માતાઓ સાથે સીધો સંવાદ સાધી, બાળકોના પોષણ વિશેની તેમની સમજનો ક્યાસ કાઢ્યો હતો. તેમણે ડાંગની યુવાન માતાઓ અને તેમના બાળકો સ્વસ્થ બને તે માટે પોષણ યુક્ત આહાર લેવા અંગેના જરૂરી સૂચનો પણ કર્યા હતા. શ્રી પટેલે 'બાળ સંજીવની કેન્દ્ર'માં બાળકો ઉપરાંત માતાઓ માટે પણ સર્જનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરવા કેન્દ્રના સંચાલકોને આહવાન કર્યું હતું.

--------------

## Dahod Child Scientist Exhibition

આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેર ડિંડોરનાં અધ્યક્ષસ્થાને દાહોદ જિલ્લાની સનરાઈઝ પબ્લિક સ્કૂલ ખાતે જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનનો ઉદ્ઘાટન સમારોહ જાયો હતો. GCERT, ગાંધીનગર, DIIT, દાહોદ શિક્ષણાધિકારીની કચેરી અને પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં ડોક્ટર ડીંડોરે જણાવ્યું હતું કે, સમાજના વિકાસનો મૂળ પાયો શિક્ષણ છે. જો પાયો જ મજબુત હશે તો સમાજનો વિકાસ નિશ્ચિત છે, અને એને માટે આપણે સૌએ જાગ્રત થવાની જરૂર છે. જિલ્લા કલેકટર યોગેશ નીરગુડેએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ આ અવસ્થામાં જીજ્ઞાસાવૃત્તિ જીવંત રાખવી જોઇએ અને હંમેશા પરંપરાથી અલગ વિચારવું જોઈએ.

--------------

## Meeting - Gir Somnath

ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી મંત્રી  પરસોત્તમ સોલંકીની અધ્યક્ષતામાં કોડિનાર ખાતે જિલ્લાના વિવિધ કામો અંગે એક બેઠક યોજાઈ. પ્રભારી મંત્રીએ સંલગ્ન વિભાગના અધિકારીઓ પાસેથી જનકલ્યાણલક્ષી કામો અંગે વિગતવાર માહિતી મેળવી. તેમણે જનપ્રતિનિધિઓની રજૂઆતો સંદર્ભે ઝડપથી વિકાસ કાર્યો પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. શ્રી સોલંકીએ સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચાડવા અને વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સમયમર્યાદામાં પૂર્ણ કરવા બાબતે સૂચન પણ કર્યું હતું.

-----------------------